ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

તા: ૬/૫/૨૦૧૫

**અખબારીયાદી**

પ્રતિ,
તંત્રીશ્રી,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિદ્યાર્થીઓ માટે વિવિધ વિષયો આધારિત વેકેશન વર્કશોપનો થયેલો પ્રારંભ

વિદ્યાર્થીઓ વેકેશનના સમયનો સદઉપયોગ કરે, તેમજ તેઓમાં ક્રિયાત્મક કૌશલ્યનો વિકાસ થાય તેવા હેતુથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૫ મે ૨૦૧૫ મંગળવાર થી વિવિધ વિષયો આધારિત વેકેશન વર્કશોપના કાર્યક્રમનો પ્રારંભ **શ્રી મહારાણા પ્રતાપ સરકારી શાળા નં...૪૪,** વડવા ખાતે કરવામાં આવેલ છે.

આ વર્કશોપના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયમાં વધુને વધુ રસ લે અને તેને પ્રાયોગિક ધોરણે સમજે તે માટે વિજ્ઞાનના નિયમો અને સિધ્ધાંતોને સરળતાથી સમજાવતા વિજ્ઞાનના મોડેલ બનાવરાવવામાં આવેલ. વર્કશોપના બીજા દિવસે વિદ્યાર્થીઓને બ્રહ્માંડ વિશની જાણકારી આપી **સ્પેસ શટલ**ની રચના તેની કાર્ય પધ્ધતિની સરળ સમજૂતિ આપતું મોડેલ બનાવેલ.

વર્કશોપના આગામી દિવસોમાં કોમ્પ્યુટરથી પણ જેના સમીકરણો સરળ છે એવા **VAIDIK MATHS** વિશે તજજ્ઞ દ્વારા જાણકારી આપી સમીકરણોની સરળ ગણતરી સમજાવવામાં આવશે. તેમજ ઊર્જાનો પરિચય આપતાં મોડેલોનું પ્રદર્શન, લાઈટ આધારિત વિવિધ પ્રયોગો જેવી પ્રવૃતિઓને વર્કશોપ દરમિયાન આવરી લેવામાં આવશે. આ વર્કશોપમાં શાળાના ૫૦ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લઈ રહયાં છે. વર્કશોપની સફળતા માટે લોકવિજ્ઞાન કેન્દ્રની ટીમ ભારે જહેમત ઉઠાવીરહી છે. સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન સંસ્થાના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડે આપેલ છે.

પી.પી.ત્રિવેદી
(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.